

## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
99789-26251

### સલામી સવારની..

*જિંદગીમાં ઓતપ્રોત પ્રસંગો ને બાદ કરું છું,*
*કરે ને સતામણી, વિસ્મરણને સાદ કરું છું.*
*દઉં છું દાદ ઉન્માદને નાદ ન કરે એકાંતમાં -*
*ભૂલાતાં નથી છતાં કોને ભુલું એ યાદ કરું છું...*

### હાઈકુ

*દયાળ દિલ,*
*સ્મરણોની ચક્કીમાં*
*જિંદગી લોટ...*

*વાગે ડાકલાં -*
*એકાંતના સ્મશાને*
*નાચે છે યાદો...*

### ચિંતન

*અર્થનાશં મનસ્તાપં ગૃહે દુશ્ચરિતાનિ ચ ।*
*વચનં ચાડપમાનં ચ મતિમાન્ન પ્રકાશયેત્ ॥*

**ઉપરોક્ત શ્લોક ચાણક્યમેંટમાંથી લેવામાં આવેલ છે.**

**બુદ્ધિશાળી મનુષ્યે પાંચ વાતો પોતાના મનમાં જ રાખવી જોઈએ. ધનનો નાશ, મનમાં થયેલું દુઃખ, પત્નીની ચાલચલગત, પોતે છેતરાયાની બાબત અને પોતાનું અપમાન.**

**ધન-હાનિ, પત્નીનું ચારિત્ર્ય, છેતરપીંડી અને પોતાનું અપમાન જેવી વાતો બીજી વ્યક્તિને કરવાથી મનુષ્ય પોતે જ હાંસીપાત્ર થાય છે. એટલે આ પાંચ બાબતો વિશે ચૂપ રહેવામાં જ મનુષ્યની ભલાઈ છે.**

**અણુક વાતો પોતાની પાસે જ રાખવી જોઈએ. જગતને એની જાણ ન થવા દો અને જગતમાં ઘણા એવા છે કે જેમને પરપીડનમાં આનંદ આવે છે એમને તમારી દુખતી રગ ન બતાવો. જીવતરના ઝેર પચાવતાં શીખો.**

### સુવિચાર

- ન રાખું આશા કદી કોઈ પાસ, કરી શકે મને નિરાશ?? - **હિતેન આનંદપરા**
- આપણે બધા એક જ આકાશ હેઠળ રહીએ છીએ, પણ સૌની ક્ષિતિજ જ જુદી જુદી છે - **ફાધર વાલેસ**
- એકલ દેતા દાન જે, એકલ ઝૂઝતા જંગ, એકલ જગ-નિંદા સહે, એ મરદો ને રંગ - **મકરંદ દવે**
- જેઓ ઈતિહાસ સર્જે છે તેમને ઈતિહાસ લખવાનો વખત હોતો નથી - **સંત રોબિન**
- કોઈ મારી દયા ખાય એના કરતાં કોઈ મારી ઈર્ષ્યા કરે એ સારું!! - **જેમ્સ બેરી**
- ધાકીને ઊંઘી જવું એ દરેક માણસનો જન્મસિદ્ધ અધિકાર છે,
  પણ થાક્યા વગર ઊંઘી જવું એ ભ્રષ્ટાચાર છે - **ગુણવંત શાહ**
- આજનું ઔષધ : જાયફળને સરસીયાના તેલમાં વાટી લેપ કરવાથી સાંધા જકડાયેલા છુટા પડે છે

**(સંકલન : દિપક વી. આશરા)**

### બોધકથા

એક યોગગુરુ આઈએએસ, આઈપીએસ વગેરે મોટા અધિકારીઓને યોગ શીખવતા. એકવાર એમને એક યોગ શીખ્યા માંગતા ગૃહસ્ત આવ્યા અને કહ્યું. 'તમે આવા ચોર, મવાલીઓ, ભ્રષ્ટાચારીઓને યોગ શીખવાડો છો. તમને બીજા કોઈ સારા માણસ ન મળ્યા ?' યોગગુરુ એ કહ્યું, 'ભાઈ, તમે કદી તમારી સાથે રહ્યા છો? તમારી સાથે એકલા રહી જુઓ, કોઈ કાગળ નહીં, અખબાર નહીં, રેડિયો, ટીવી નહીં... હું અને મારું શરીર, મારો પ્રાણ મારું મન, મારો શ્વાસ, મારા વિચાર, મારી ભીંતર... લગાવો ડૂબતી તો જણાશે કે હું કેવો છું. પછી આપના પત્ની ના વિશે આવું વિચારી જુઓ... બે-ચાર વરસે ખ્યાલ આવશે કે સરવાળે બાદબાકી - બધું ભગ્ન છે.' યોગગુરુની વાત સાંભળી ગૃહસ્થને ખ્યાલ આવ્યો કે આપણા જ્ઞાન સમક્ષ અજ્ઞાનનું સૌથી મોટું આજ પડળ છે, અને વત્તેઓછે અંશે આપણે સૌ નાયાલક છીએ. આપણી ભીતર ડોકિયું કરવાની ટેવ પાડવી પડશે. ગૃહસ્ત શરમના માર્યા નીચું મોઢું કરી પરત ફર્યા.

# કોંગ્રેસ માટે કસોટીનો સમય

**તંત્રીસ્થાનેથી...**

આખરે કોંગ્રેસના વરિષ્ઠ નેતા શંકરસિંહ વાઘેલાએ કોંગ્રેસ સાથે કાયમને માટે છેડો ફાડીને જેને પોતાની સાચી હાઈકમાંડ માને છે તે ગરવી ગુજરાતની પ્રજાના ખોળે માથું મૂકી દીધું છે. એમના જવાથી કોંગ્રેસને કશો જ ફેર પડતો નથી એવા નિવેદનો કરનારા ભીંત ભૂલ છે. છેલ્લાં વીસેક વરસથી બાપુ આ પાર્ટીના અસ્કામત બની રહ્યાં હતા. એ સંઘ ગોત્રી નેતા હતા એ સાચું, પરંતુ ગાંધી વિચાર સાથે પણ છેક શાળાકાળમાં ભરેલી સેવાદળની શિબિર વખતથી સંકળાયેલા હતા. બાપુના વર્તાનવ્યવહારમાં કયારેક વધુ પડતી આક્રમકતા કે વિરોધીઓને સખત શબ્દોમાં ઉતારી પાડવાની વૃત્તિ પ્રવેશી નતી, તેનો અંદાજ કોંગ્રેસ છોડતી વેળાએ એમણે શ્રીમતી સોનિયા ગાંધી વિશે ઉચ્ચારેલા વચનો પરથી સાંપડે છે. પોતે પ્રજાના જ પ્રશ્નોને હરહંમેશ અગ્રતા આપતા હોવા છતાં સત્તાલક્ષી બની ગયેલા કોંગ્રેસી આગેવાનો એમને શંકાની નજરે જ જોતા રહ્યા અને 'કટ ટુ સાઈઝ' કરવાના કારસા કરતા રહ્યા. આવા એક માસ લીડરને ગુમાવવા કોઈ પણ પાર્ટીને પોસાય નહીં, છતાં કોંગ્રેસના કહેવાતા હાઈ કમાંડે એવું વલણ દાખવ્યું કે બાપુ જેવા સ્વમાની લોકનેતા માટે એમાં વધુ સમય રહી પોતાની શક્તિઓ વેડફવાનું શક્ય ન રહ્યું. એમની વિદાય પછી સ્વાભાવિક રીતે જ પાર્ટીમાં મોટો શૂન્યવકાશ ઊભો થશે, જે પૂરવાનાં હવાતિયાં પાર્ટીએ ભલે શરૂ કરી દીધાં હોય પરંતુ હાલ પૂરતું એને જે નુકશાન પહોંચ્યું છે તેનું પરિણામ તો આગામી વિધાનસભાની ચૂંટણીમાં એનો ભોગવવું જ પડશે. વિધાનસભાની ચૂંટણીમાં પાર્ટીને વિજયની લગોલગ પહોંચાડવાની વ્યૂહરચના બાપુએ કોંગ્રેસના કેન્દ્રીય નેતાઓ સમક્ષ રજૂ કરી હતી, તેમ છતાં જૂથવાદમાં રાચતા પ્રદેશ કોંગ્રેસના આગેવાનોએ બાપુને સાચવી લેવા માટે કરવા જોઈતા પ્રયત્નો ન કર્યા બલકે એમના જન્મદિવસે એમને શુભેચ્છા આપવા જવા માગતા ધારાસભ્યો અને અન્ય હોદેદારોને અટકાવવાના કારસા કર્યા, જે ખરેખર લોકશાહી પક્ષના સંસ્કારોને શોભે નહીં. બાપુ સાતે સહાનુભૂતિ ધરાવનારા ધારાસભ્યો કોંગ્રેસને વળગી રહેશે એ વાતમાં માલ નથી. કોંગ્રેસ પ્રત્યે એમનાં પણ મન ઊંચા થઈ જ ગયેલાં છે અને રાઘવજી પટેલ સહિત કેટલાલે તો ખુલ્લંખુલ્લાં વિદ્રોહનો માર્ગ અપનાવી પણ લીધો છે. છેલ્લા ઘણા સમયથી રક્ષણાત્મક સ્થિતિમાં મુકાઈ ગયેલી ભાજપ સરકાર અને એના નેતાઓ માટે બાપુની કોંગ્રેસ સાથે છેડો ફાડવાની ઘટના આશીર્વાદરૂપ બની રહેશે. જન સાધારણ સુધી એટલો સંદેશ તો ગયો જ છે કે ભારતીય જનતા પાર્ટીમાં સત્તા માટેની સાઠમારી હશે તો પણ એના નેતાઓનો આંતરિક વિખવાદ આટલી હદે બહાર નથી આવતો, જયારે કોંગ્રેસ માટે છેક હોઠ લગી આવી ગયેલો કોળિયો કોંગ્રેસના જ આગેવાનોની ગોલાલડાઈમાં ઝૂંટવાઈ જઈ શકે છે. આવા કપરાં કસોટીકાળમાંથી કોંગ્રેસ કઈ રીતે પાર ઊતરી શકશે તે જોવું રસપ્રદ બની રહેશે. બાપુ જેવા મોટા ગજાના નેતાની નારાજગીથી કોંગ્રેસને કલ્પી પણ ન શકાય એવડું મોટું મનોવૈજ્ઞાનિક નુકશાન પહોંચ્યું છે.

# ઉત્સવોમાં મહાઉત્સવ – વનમહોત્સવ

**વનસૃષ્ટિનો પરિચય**
**હેમંત સુથાર**



વન છે.
જીવન છે.
જીવન - જીવ-વન
વનથી જીવ - પશુ, પંખી, જંતુ સર્વ.
જીવન ઉત્સવ છે તો વન મહા ઉત્સવ છે.



વન મહોત્સવની ઉજવણી માટે ગર્વ કરવા માટેના બે કારણો છે. એક તો ગુજરાતના પનોતાપુત્ર એવા કનૈયાલાલ મુનશી દ્વારા તેઓ જયારે કૃષિ અને વનના ભારત સરકારના મંત્રી હતા ત્યારે તેમના દૂરગામી વિચારને અમલમાં મૂકીને વન મહોત્સવની ઉજવણી કાર્યક્રમ અમલમાં મુકાયો. વન મહોત્સવ એટલે સામાન્ય જનને લોકહિત અને સકારાત્મક કાર્યમાં જોડવા. લોકો વૃક્ષ વાવે એક વિશાળ અભિયાન બની છે. વૃક્ષોરોપણ એક વિભાગ કે સરકારનું કામ છે તેવું સમજી લોકો વૃક્ષો પ્રત્યે બેફિકર ન થઈ જાય અને આ ભગીરથ કાર્યમાં જોડાઈ જાય તેવો આ શુભ વિચાર છે.

આપણે જાણીએ છીએ કે, સરકાર દ્વારા યોગ્ય વરસાદ થયા બાદ રાજય કક્ષાનો વન મહોત્સવ રાજયના મુખ્યમંત્રીના હસ્તે ઉજવવામાં આવે છે. ત્યારબાદ સમગ્ર રાજયના જીલ્લાઓ, તાલુકાઓ, નગરો, શહેરો, ગામે-ગામ અને સંસ્થા - સંસ્થાઓ તે કાર્યમાં જોડાય છે. આ વર્ષે સરકારશ્રીએ ૧૦ કરોડ વૃક્ષો વાવવાનું નક્કી કર્યું છે.

વનમહોત્સવ ઉજવવાની આવશ્યકતા શા માટે ? તેઓ વિચાર કરીએ તો સરકાર કે વનવિભાગ ફક્ત વૃક્ષો ઉછેરેતો તેમાં ઘણી મર્યાદાઓ આવી જાય છે અને આવા વિશાળ, ભગીરથ કાર્યમાં લોકોને જોડવા જરૂરી છે. લોકો પોતાના ઘર આંગણ, ખેતર, શેઢે કે પડતર જમીન પર વૃક્ષો વાવે તો ગુજરાત જેવા કુદરતી રીતે જ ફક્ત ૮ થી ૧૦ ટકા વનો છે. તેમાં રાષ્ટ્રીય નીતિ પ્રમાણે ૩૩ ટકા સુધી જંગલોના લક્ષ્યાંક સિદ્ધ કરવામાં વધુમાં વધુ સફળતા મળી શકે.

વિશ્વમાં એક અંદાજ પ્રમાણે ૧૩૦ લાખ હેકટર જંગલો પ્રતિ વર્ષ કપાય છે. પૃથ્વી પરના વૃક્ષોની સંખ્યા અડધી થઈ ગઈ છે. એટલે કે ૫૦ ટકા જેટલા વનો કપાઈ ચુક્યા છે. આજથી ૧૨૦૦૦ વર્ષ પહેલાં ૬.૫ ટીલીયન વૃક્ષો હતાં તે આજે ૩.૦૪ અથવા ટ્રીલીયન થઈ ચુકયા છે તે સમયે માથાદીઠ ૧૩ લાખ વૃક્ષો હતાં આજે તેનું પ્રમાણ ફક્ત ૪૨૯ વૃક્ષો પ્રતિ વ્યક્તિ રહ્યા છે. કેનેડા જેવા દેશમાં ૮૯૫૩, રશિયા - ૪૪૬૧, યુનાઈટેડ સ્ટેટ્સ ૭૧૬ અને ચીનમાં ૧૦૨ વૃક્ષો પ્રતિવ્યક્તિ છે. તેની સામે આપણા ભારત દેશમાં તેનું પ્રમાણ વ્યક્તિદીઠ ફક્ત ૨૮ વૃક્ષો છે. અને તેના કારણે જ સમગ્ર વિશ્વમાં સહુથી પ્રદૂષિત શહેરોમાં ભારત દેશના ૧૩ દેશો છે. જેમાં પ્રથમ કક્ષાના ૪ શહેરો પણ આપણા ભારત દેશના જ છે. વર્ષ ૧૯૯૦ બાદ વિશ્વના વાઈલ્ડરનેશ (જંગલ ભાગ) ધરાવતાં ૭૭ ટકા વિસ્તારો આપણે ગુલાવી ચુકયા છી.

એક સરસ વિચાર છે કે આપણે શ્વાસ લઈએ છીએ તો આપણે વૃક્ષો જ વૃક્ષો વાવવા પડશે. વિશ્વની ૭.૫ અબજ જેટલી વૃક્ષો કપાતાં હોય ત્યારે સહુની ફરજ બની જાય છે કે વૃક્ષો વાવવાને જેટલી પ્રાથમિકતા અપાય છે, જેટલી પ્રાધાન્યતા અપાય છે તેનાથી વધુ જે વૃક્ષો છે તેને બચાવવાને પ્રથમ સ્થાન અપાવું જોઈએ. એક વાર જૂના પ્રાચીન, પ્રાકૃતિક ધરોહર સમક્ષ વિશાળકાય વૃક્ષો કાપીને તેની જગ્યાએ નવા વૃક્ષો વાવવામાં શાણપણ તો નથી જ.

વિકાસના કોઈ પણ કાર્ય કે પ્રોજેક્ટ કરતાં વૃક્ષારોપણ કાર્ય અગ્ર ક્રમે રખાવું જોઈએ. 'વૃક્ષો વાવો' કરતાં 'વૃક્ષો બચાવો' સ્લોગન ને વધુ મહત્ત્વ અપાયું જોઈએ. આવો... વર્ષા ઋતુ તથા 'હરિયાળી અમાસ'ના આજના દિને 'વૃક્ષો બચાવવા'ના શપથ લઈએ.

# ગુજરાતી ભાષા : જોડણીની વૈજ્ઞાનિકતા, પાઠ્યપુસ્તક અને શક્યતાઓ

**મોરપીંછના રંગ**
**ડૉ. કનૈયાલાલ ભટ્ટ**



આજકાલ અખબારો અને મીડિયાજગતમાં ગુજરાતી ભાષાની ખુબ ચર્ચાઓ ચાલી રહી છે. એનું કારણ છે ભાષાના લેખિતરૂપમાં પ્રવર્તમાન અરાજકતાઓ. ખરેખર ભાષાનું સ્વરૂપ બે રીતનું છે. એક ઉચ્ચરિત સ્વરૂપ અને બીજું લિખિત સ્વરૂપ. ઉચ્ચરિત સ્વરૂપમાં હજીયે કદાચ કંઈક ભૂલો થાય તો ક્ષમ્ય ગણી શકાય કેમ કે એ દરેક વ્યક્તિના મોંમાં રહેલી બત્રીસી ઉપર કે વ્યક્તિના પ્રાદેશિકપણા ઉપર આધારિત હોય છે. પરંતુ લિખિત સ્વરૂપમાં તો સહેજે ય ભૂલ ચાલી શકે નહીં.

થોડા વર્ષો અગાઉ ભાષાની જોડણી સુધારણા માટે એક અભિયાન શરું થયેલું. ભાષામાંથી હસ્વ 'ઈ' અને દીર્ઘ 'ઊ' રદ કરીને એક જ 'ઈ' અને 'ઉ' રાખવા. એવી બળજબરીપૂર્વક વિચારણા થયેલી. આ અભિયાન એ વખતે ખુબ ચાલેલું. કેટલાય સાહિત્યકારો, કવિઓ અને ખુદ ભાષાશાસ્ત્રીઓ પણ એમાં જોડાયેલા. કેમ કે સાહિત્યકાર કે કવિ હોવું અને ભાષાનું વ્યાકરણ આવડવું એ બન્ને જુદી બાબતો છે. શક્ય છે કે મોટા અને વરિષ્ઠ સાહિત્યકારને જોડણીનું સહેજેય જ્ઞાન ના પણ હોય. અને ભાષા વ્યાકરણના વિદ્વાન કવિ કે સર્જક પણ ના હોય. તેથી જોડણી બદલવાના અભિયાનમાં કેવા કેવા લોકો જોડાયેલા છે એ પણ સમજવું જરૂરી હોય છે.

આપણી ગુજરાતી ભાષાની લિપિ દેવનાગરી છે. જે પ્રાચીન બ્રાહ્મી લિપિમાંથી ઉતરી આવેલી શાસ્ત્રીય લિપિ છે. આપણી વર્ણમાલા (કક્કો) એકદમ વૈજ્ઞાનિક રીતે ગોઠવાયેલી છે. અને એથી જ એની ઉચ્ચારણ ક્ષમતા પૂર્ણ રીતે લિખિત સ્વરૂપને અનુસરે છે. વળી આપણી લિપિમાં એકપણ વર્ણ નિરર્થક નથી. દરેક વર્ણોને એનું પોતાનું મહત્વ છે. આપણો એક વર્ણ છે 'જ્ઞ' પરંતુ તેનું ઉચ્ચારણ 'ગ્ન' કરીએ છીએ. અને હિંદીમાં 'ગ્ય' કરે છે. તો આપણે 'જ્ઞાન'ને ઉચ્ચારણમાં 'ગ્નાન' બોલીએ તો ચાલી જાય છે પણ લખાવું તો 'જ્ઞાન' જ જોઈએ. આવું જ 'ઋ' સ્વરનું છે. આ 'ઋ' સ્વરને આપણી બારાખડીમાં સ્થાન નથી મળ્યું. હવે આટલો મહત્વનો 'સ્વર' હોય અને જો એને સ્થાન ના મળે તો એ ભાષાની કે ભાષાવિદોની કરૂણતા કહી શકાય. આપણી ગુજરાતી ભાષા સંસ્કૃત ઉપરથી ઊતરી આવી છે. તેથી સંસ્કૃતના અનેક તત્સમ શબ્દો આપણી ગુજરાતીએ એમ જ સ્વીકારી લીધા છે. ગુજરાતીમાં અનેક શબ્દો એવા છે જેને 'ઋ' સ્વર લાગે છે. જેમ કે - કૃષ્ણ, કૃપા, કૃત્ય, આકૃતિ, પ્રકૃતિ, સંસ્કૃતિ, ઋતુ ... વગેરે. આ 'ઋ' મૂળે મૂર્ધન્ય સ્વર છે. એના ઉચ્ચારણમાં એકવાક્યતા નથી. એનો ઉચ્ચાર 'રુ, રિ, ર' એવી રીતે પણ થાય છે. હવે આ 'ઋ' રદ કરીએ તો કૃષ્ણ, કૃપા, કૃત્ય, આકૃતિ, પ્રકૃતિ, સંસ્કૃતિ વગેરે શબ્દોનો ઉચ્ચાર કંઈ રીતે કરવો ? હિંદીમાં 'ઋ'નો ઉચ્ચાર 'રિ' થાય છે. ગુજરાતીમાં 'ઋષિ' હિંદીમાં 'રિષિ' ઉચ્ચારાય છે.

૨૧મી સદીમાં આપણી ભાષાના વપરાશ સંદર્ભે વિચારીએ તો એનું લિખિત સ્વરૂપ અને ઉચ્ચરિત સ્વરૂપ ભિન્નભિન્ન રૂપે આપણી સમક્ષ આવે છે. ભાષા એક જ હોવા છતાંય આપણે જે ઉચ્ચાર કરીએ છીએ તે લખતા નથી. અને જે લખીએ છીએ તે પ્રમાણે ઉચ્ચારતા નથી. અને છતાંય સૌ ભાષા સમજીએ છીએ. આ છે આપણી ભાષાની સૌથી મોટી વૈજ્ઞાનિક સિદ્ધિ. અહીં પ્રત્યેક વર્ણને એનું એક વજન છે. એનો એ પ્રમાણે સાચો ઉચ્ચાર થાય તો જ એનું લિખિતરૂપ પણ સાચું મળે. પરંતુ આજકાલ આ પરંપરા કે કળા વિસરાતી જાય છે. આજે સંસ્કૃતના છંદો ગાઈને નથી શીખવવામાં આવતા. કેમ કે છંદોની માત્રાઓનું આખું શાસ્ત્ર એના લય ઉપર આધારિત છે. લય સાચો હોય તો ઉચ્ચાર સાચો અને માત્રાઓ પણ સાચી જ મળશે.... આ જ બાબત ભાષાની જોડણીને અને ભાષાશુદ્ધિને લાગું પડે છે.

આપણે ત્યાં જોડણી સુધારણાના પ્રયાસોને હજી સફળતા મળી નથી. વિચારો, પ્રયાસો, સંગઠનો ઘણા થયા છે પણ એ માત્ર પ્રયાસો જ રહ્યા છે. આ પ્રયાસોના વિચારોમાં મુખ્યત્વે 'તત્સમ અને તદભવ' શબ્દો માટે બનેલા જોડણીના નિયમો સંદર્ભે છે. ઘણા વિદ્વાનો માનેછે કે ભાષામાંથી 'તત્સમ અને તદભવ' ના ભેદ દૂર થવા જોઈએ. એ ભલે સંસ્કૃતના હોય પણ ગુજરાતીમાં આવ્યા એટલે એને નિયમો ગુજરાતીના જ લાગે, જ્યારે ઘણા વિદ્વાનો માને છે કે જે નિયમો છે તે બરાબર જ છે વધુ સહેલું કરવાથી ભાષામાં અરાજકતા પ્રવેશી જશે.

એ પણ સત્ય છે કે જોડણી એ ભાષાનું સૌન્દર્ય છે. અને વ્યાકરણ એ એનો આત્મા છે. અને આ બધુ ભાષાનો વર્ષો સુધી અભ્યાસ કરીને એની વૈજ્ઞાનિકતા તપાસીને જ નિર્મિત થયું છે. એટલે એમાં ફેરફાર બહું ઓછો સંભવ છે. આપણે માની લઈએ કે સંસ્કૃત ભાષાના તમામ શબ્દોને ગુજરાતી સમજીને જોડણીના નિયમો લાગું કરીએ. પણ આમ કરવાથી યે અર્થના અનર્થ થવાની બહોળી સંભાવનાઓ રહેલી છે. એના કરતા આ જોડણી શીખવી જ વધુ જરૂરી બને છે.

આજકાલ ધો. ૧૦/૧૨ના પાઠ્ય પુસ્તકોમાં રહેલી જોડણીભૂલોની ચાલી રહેલી ચર્ચામાં એક મહત્વની ચર્ચા ચાલે છે એમાં પ્રયોજાયેલા 'વિરામચિહનો' ની. અને આ ચર્ચાઓમાં તથ્ય અને સત્ય પણ છે. કેમ કે ભાષામાં વિરામચિહનોનું ખુબ જ મહત્વ છે. એનું કામ આખા વાક્યને વાક્યના ભાવ પ્રમાણે અર્થ આપવાનું કામ છે. તેથી એનો પ્રયોગ ખુબ જ સમજી વિચારીને કરવો જરૂરી છે. અંગ્રેજી ભાષામાં વિરામચિહનો શબ્દની સાથે જ મુકાય છે જે ગુજરાતીભાષામાં પણ સ્વીકારાયું છે. પણ આપણે સૌ એ બાબત ભૂલી ગયા છીએ કે આ બધા નિયમો બન્યા ત્યારે કેટલાક નિયમો વિશે મુદ્રણકળાને ધ્યાનમાં રાખીને વિચારાયું હતું. એ વખતે કમ્પ્યુટર નહોતા અને આપણી મુદ્રણકળાનો પ્રથમ તબક્કો હતો. અક્ષરોની ગોઠવણી સીસાના બિબાં બનાવીને કરવામાં આવતી અને દરેક અક્ષરો વચ્ચે વાંચી શકાય એટલી દોરાભાર જગ્યા રહેતી. તેથી વિરામચિહનો સાથે જ રખાતા. અને નિયમ પણ સ્વીકારાયો. પરંતુ હવે કમ્પ્યુટર યુગ છે. મુદ્રણકળા અને ટાઈપ સેટિંગની આખી પદ્ધતિ બદલાઈ ગઈ. કમ્પ્યુટર અને આધુનિક ઓફસેટ મશીનો આવી ગયા. કમ્પ્યુટરમાં શબ્દની સાથે પ્રશ્નાર્થ કે આશ્ચર્યચિહન જેવા વિરામચિહન રાખવાથી એ શબ્દની એકદમ અડીને સાથે રહે છે જેને વાચવામાં – જોવામાં અને ઘણી વખત પ્રિન્ટ વખતે શાહી વધુ આવી જતા વિરામચિહન અને વર્ણ વંચાતા કે ઓળખાતા નથી. કદાચ આને કારણે ડીટીપી વર્ક કરતા કારીગરો જ આવા વિરામચિહનો શબ્દથી એક સ્પેસ આપીને પ્રયોજે છે. અને હું માનું છું કે આમ કરવાથી આપણને કોઈ આપત્તિ હોવી જોઈએ નહીં કેમ કે એનાથી ભાષાનું, વાક્યનું

**અનુસંધાન પાના નં. ૭ પર**

# 'શ્રાવણ' થી શરુ ધર્મ અને તહેવારોની મૌસમ!

**રઝળપાટ**
**અજય ઉપાધ્યાય**



આવતીકાલથી પવિત્ર શ્રાવણ માસ શરુ થઈ રહ્યો છે ત્યારે અમરનાથ યાત્રીઓ પર થયેલા જઘન્ય હુમલાએ પણ ભોળાનાથની ભક્તિ કરનારાઓમાં શ્રધ્ધાની કોઈ ઓટ આવવા નથી દીધી અને એનું ઉદાહરણ એ છે કે આવા ભીષણ અને કરુણ બનાવ પછી પણ અમરનાથ યાત્રા અવિરત ચાલુ જ છે અને બેવડા જોશ અને ઉમંગ અને બરફાનીબાબા પ્રત્યેની અમીટ અને અઢળક ભાવભક્તિનું દર્શન કરાવી રહી છે . આવી જ અનેરી શ્રધ્ધા અને ભક્તિનો અનેરો સંગમ દુનિયાભરના શિવાલયોમાં આવતીકાલથી જોવા મળશે કેમકે શરુ થઈ રહ્યો છે માસોત્તમ માસ શ્રાવણ માસ...! વાંકદેખાઓની વ્યથા મુજબ કહેવા ખાતર એવું કહી શકાય કે વર્ષ દરમ્યાન આવતા તહેવારો કરતા શ્રાવણના પ્રત્યેક દિવસે શિવાલયોમાં દર્શનાર્થીઓની સંખ્યામાં અભૂતપૂર્વ વધારો જોવા મળશે, પ્રાતઃ આરતી અને સાંધ્ય આરતીમાં ભાવિકોની ભીડ જોવા મળશે અને ખાસ તો શ્રાવણના સોમવારે ભાવિકોની સંખ્યામાં જોરદાર વધારો નોંધાશે ....પણ કહેવાનું એટલું જ છે કે ફાસ્ટ લાઈફમાં ધર્મનું આચરણ પણ સગવડીયું થઈ જ જવાનું એટલે આવા અલેલટપ્પુંઓને નજરઅંદાજ કરીને આવો રસપાન કરીએ શ્રાવણ નું...સાવન નું...!

શ્રાવણ એટલે દેવાધિદેવ શિવનો ભક્તિ, પૂજા, તહેવારોથી ભરપુર મહિનો . શિવના ભક્તો દુધની કોથળીમાં થયેલા ભાવવધારાની પરવા કર્યા વગર શિવલિંગ પર તાંબાની લોટીમાંથી ધીમી ધારે દુધનો અભિષેક કરતા કરતા ભોળાનાથની સાધના કરવાના . પવિત્ર બીલીપત્રો ભોલાનાથને અર્પણ કરતા કરતા ભવાટવીના દુખો કાપવાની અરજ કરતા રહેવાના . હર હર મહાદેવ અને ઓમ નમઃ શિવાયના નાદો શિવાલયોમાંથી ઉઠવાના . ચોખલિયા લોકો ભલે દુધના બગાડની બકબક કર્યા કરે એનાથી શ્રદ્ધાળુઓ પર કોઈ ફરક નથી પડતો. આફ્ટરઓલ દરેક ધર્મમાં ભક્તિ માટેના અમુક ચોક્કસ નિયમો બનાવવામાં આવ્યા જ છે અને જગતના દરેક ધર્મોમાં આ શ્રધ્ધા અને અંધશ્રદ્ધાવાળો વિવાદ ચાલ્યા જ કરતો હોય છે પણ જે ધર્મ અને એના નીતીનીયમોમાં માને છે એ ભાવિકોને એનાથી કોઈ ફર્ક નથી પડતો અને પડવો પણ નાં જોઈએ કેમકે કહેવાય છે ને કે ભક્તિ કોઈ અડચણની મોહતાજ નથી હોતી કે ભક્તિ કોઈ ટીકાને કાને નથી ધરતી અને અધૂરામાં પૂરું ગુજરાતમાં જોરદાર વરસાદનું આગમન થઈ ગયું છે અને હજુ પણ વરસાદી માહોલ જામેલો જ હોવાથી લોકોના કપાળે દુષ્કાળની ચિંતા લકીરો થોડી ઓછી થવાથી શ્રાવણને ઉજવવાનો અને ઉમંગભેર ભક્તિ સાથે શીવને જપવાનો ઉત્સાહ બેવડાઈ જવાનો . મેઘરાજાની સાર્વત્રિક મહેરથી લોકોમાં શ્રાવણ અને શ્રાવણના આગમન સાથે જ શરુ થતા તહેવારોને રંગેચંગે ઉજવવાનો માહોલ બનતો જાય છે.

આમ તો આખોયે શ્રાવણ શિવભકતો માટે પવિત્ર અને પાવન જ ગણાય છે પણ શ્રાવણના સોમવારનું ખાસ મહત્વ છે. શ્રાવણીયા સોમવારનું અદકેરું મહત્વ છે . આમ તો શ્રાવણમાં મોટાભાગે ચાર જ સોમવાર આવતા હોય છે પણ આ વખતના શ્રાવણ માસમાં એવું બન્યું છે કે ચારની બદલે પાંચ સોમવાર આવે છે અને એનાથી પણ દિવ્ય વાત એ છે કે શ્રાવણમાસની શરુઆત અને અંત બંને સોમવારથી થશે એવો અદ્ભુત સંયોગ સર્જાયો છે . ચાલુ વર્ષે ૨૪ જુલાઈથી ૨૧ ઓગસ્ટ સુધીના શ્રાવણ માસમાં પાંચ સોમવારનો સંયોગ સર્જાશે. તેમાં પણ વર્ષો પછી ૨૪ જુલાઈએ સોમવારથી શ્રાવણ શરૂ થશે અને ૨૧ ઓગસ્ટે સોમવારના દિવસે જ પૂર્ણ થશે મતલબ કે શિવભકતોને ભોળાનાથને રીઝવવા એક સોમવાર વધુ મળશે . હિંદુ ધર્મમાં દરેક વારને કોઈ ને કોઈ દેવી કે દેવતાઓ સાથે જોડીને એમની ઉપાસના કરવાના સ્વરૂપે જોવાય છે એ જ ક્રમમાં સોમવારને શીવનો વાર કહેવાય છે . સોમવારે શિવાલયોમાં રોજ કરતા વધુ ભક્તો જોવા મળે. શાસ્ત્રોમાં પણ સોમવારના દિવસે કરાતી શીવની આરાધના વધુ ફળ આપનારી ગણાવી છ. શિવભક્તો તો લગભગ દર સોમવારે ઉપવાસ કે એકટાણું કરવાનો નિયમ રાખતા હોય છે પણ શ્રાવણના સોમવારે આ ભકિત અને અર્ચનાનું ફળ બેવડાય જાય છે એટલે આ વખતે આવનારા એક વધુ સોમવારનો લાભ શિવભકતો માટે શિવની ભક્તિમાં બોનસ કહી શકાય ...!

દરેક ધર્મમાં સમય મુજબ શ્રધા અને પ્રભુને ભજવાની ભકિતના પ્રકારો નિરંતર બદલાતા રહેતા હોય છે પણ મહત્વનું છે ધર્મ ટકી રહે એ, ભલે ને શ્રાવણમાં તો શ્રાવણમાં અને એમાયે ફક્ત સોમવારે તો સોમવારે શિવાલય જતા હોય પણ મહત્વનું છે શિવશ્રધ્ધા ટકી રહે એ . અત્યારે બની શકે કે ભાગદોડવાળી જીંદગીમાં કોઈને ૧૦૦ કે ૧૦૦૧ બીલીપત્રો ચડાવવાનો સમય ના પણ મળે સો વ્હોટ ? પાંચ બીલીપત્ર કે નાની ટબૂડી ભરીને શિવલિંગ પર કરાતો અભિષેક પણ કાફી છે .. દુનિયા ઝડપી થઈ ગઈ છે અને સમય સુપર સ્પીડી એટલે આટલો બદલાવ તો બનતા હે . દરેક ધર્મો ભક્તોની આસ્થા અને શ્રધ્ધા પર ટકેલા હોય છે. પરચાઓ, ચમત્કારો કે કૃપાઓના વરસાદો એ દરેકના અંતરમનમાં પોતપોતાની રીતે અલગ અલગ અનુભવાતી પરીશ્થીતીઓ છે . શીવ એ જ છે સદીઓથી બદલાયા છે તો એની ભક્તિના પ્રકારો . છતાં પણ શ્રાવણનું સ્વરૂપ હજુ ખાસ બદલાયું નથી . આજે પણ એ જ ભક્તિ અને ઉમંગથી શીવ આરાધના અને શીવ પૂજાઓ થાય છે ઈન્ફેક્ત દર વર્ષે શ્રાવણની ઉજવણી વધુ ધામધુમથી થતી જાય છે . નાસ્તિકોને મન શિવલિંગ પરથી વહેતું થઈને ગટરમા કે મંદિર પાછળ નીકમા વહી જતું દૂધ ચર્ચાનો વિષય હોય શકે પણ શિવભક્તો માટે નહિ જ. જગતના ઘણા બધા ધર્મોમા શ્રધા અને અંધશ્રદ્ધા વિષે ખેચતાણ ચાલતી રહે છે અને ચાલતી રહેવાની પણ ધર્મો ટકી રહે છે એના ધર્મિક મૂલ્યો પર, એની સામાજિક અસરો પર, જે તે ભગવાન પર ભક્તોની નિષ્ઠા, આસ્થા પર.

આ ધાર્મિક લેખ બિલકુલ નથી પણ આ તો છે સંસ્કૃતિએ આપણને આપેલા ધર્મ વિશેના થોડાઘણા જ્ઞાનને ફરીથી કંઠસ્થ કે પછી હદયસ્થ કરવાની વાત! શ્રાવણ, શીવ અને તહેવારોને બધા પોતપોતાની દ્રષ્ટીએ નીરખે છે . શ્રાવણમા ભક્તિની સાથે સાથે ઘણા આકરી ટેક પણ રાખતા હોય કે એનાથી વિપરીત ઘણા માટે શ્રાવણ જુગાર રમવાનો મહિનો પણ હોઈ શકે પણ સરવાળે શ્રાવણ અને શીવનું એક મહત્વનું કામ છે જીવને શાતા પહોચાડવાની અને શ્રાવણ અને શ્રાવણથી શરુ થતો ઉત્સવી માહોલ એ કામ સુપેરે કરે છે. શ્રાવણ એ તમને શીવ સાથે એકાકાર કરે છે તો એના નિયમો, તહેવારોથી જીવનને નવી દિશા અને નવા ઉમંગો મળે છે .

**અનુસંધાન પાના નં. ૭ પર**